**પુ⊙ના International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| SUMMATIVE ASSIGNMENT -2 2022-23 | |
|---|---|
| **Grade – V** | **Subject- GUJARATI** |
| **Syllabus – CH-6,7,8,9,10 FROM TEXTBOOK** | |

## [SECTION – A READING]

**પ્રશ્ન- I] નીચે આપેલો ફકરો વાચી તેના પ્રશ્નોના જવાબ લાખો .**

**૧)** કશ્મીરનું સૌંદર્ય એક વાર જોયુ તો ભુલાય એવું નથી. એવી રીતે ન ભુલાય એવી કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખેને કે તે આંગળાને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે. હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો. આથી ત્યાંના લોકો ઠંડીમા હાથ બહાર કાઢતા જ નથી. કંઇ ખાવાનું વેચાતું લે તો તે બાયના છેડા પર જ લે, અને એને બાય વડે જ પકડે. કશ્મીરનાં લોકોને આ ઠંડીની કંઇક ટેવ પણ ખરી, પણ બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની જેમ ડંખ મારે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

**પ્રશ્નો**

1 ) **કશ્મીરની કઇ વસ્તુઓ યાદ રહી જાય એવી છે** ?

જ) કશ્મીરનું સૌંદર્યતા અને કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી

2) **કશ્મીરના લોકો ઠંડીથી બચવા શું કરે છે**?

જ) કશ્મીરના લોકો ઠંડીથી બચવા પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે

3) **છોકરાઓ બાયમાથી હાથ કેમ કાઢતા નથી** ?

જ) કારણ કે હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો

4) **મુસાફરો ઠંડીથી બચવા શુ કરે છે** ?

જ) મુસાફરો ઠંડીથી બચવા નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

5) **ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો**.

જ) શીર્ષક- કશ્મીરનું સૌંદર્યતા

**2)** એક નાની નદી હતી. નદી પર લાકડાનો સાદો પુલ બાંધેલો હતો. આ પુલ સાંકડો હતો. પુલને કઠેડો ન હતો. તેના પરથી સામસામે બે જણ પસાર થઇ શકતા ન હતા. એકવાર આ પુલ પર સામસામે બે છેડેથી બે કૂતરા આવ્યા. તેઓ એકબીજાને રસ્તો આપવા તૈયાર ન હતા અને પાછું જવા પણ તૈયાર ન હતા. બંને ઝઘડી પડ્યા અને નદીમાં પડી ગયા. માંડ કિનારે પહોચ્યાં. થોડીવાર બાદ પુલના બંને છેડેથી બે બકરી આવી.બકરી સમજુ હતી. એક બકરી નીચે બેસી ગઇ અને બીજી બકરી તેના પરથી આગળ ચાલી ગઇ પછે નીચે બેઠેલી બકરી ઊભી થઇને ચાલવા લાગી.

પ્રશ્નો-1 ) **નદી પર શું બાંધેલું હતું** ?

જ) નદી પર લાકડાનો સાદો પુલ બાંધેલો હતો .

2) **આ પુલ કેવો હતો ?**

જ) આ પુલ સાંકડો હતો

**3) પહેલા પુલના છેડેથી કોણ આવ્યુ ?**

જ) પહેલા પુલના છેડેથી બે કૂતરા આવ્યા.

**4) નદીમાં કોણ પડી ગયું ?**

જ) નદીમાં બે કૂતરા પડી ગયા.

**5) બકરીએ પુલ કેવી રીતે પસાર કર્યો**

જ) એક બકરી નીચે બેસી ગઇ અને બીજી બકરી તેના પરથી આગળ ચાલી ગઇ પછે નીચે બેઠેલી બકરી ઊભી થઇને ચાલવા લાગી.

**[SECTION- B WRITING]**

**પ્રશ્ન –II] (અ) નીચેના વિશે નિબંધ લખો.**

**૧) મારી શાળા - નિબંધ**

- મારી શાળા ખૂબ સુંદર છે.
- હું મારી શાળામાં ધોરણ ૩ માં અભ્યાસ કરું છું.
- મારી શાળાના વર્ગખંડો ખૂબ જ સુંદર અને નયનરમ્ય છે.
- અમારી શાળામાં વિદ્યાર્થીઓ માટે એક મોટું રમતનું મેદાન છે.
- એક કોમ્પ્યુટર લેબ છે જ્યાં અમે કોમ્પ્યુટરનો ઉપયોગ કરીએ છીએ.
- અમારી શાળામાં વિદ્યાર્થીઓ માટે એક મોટુ પુસ્તકાલય છે.
- અમે અમારા શિક્ષકોને પ્રેમ કરીએ છીએ કારણ કે તેઓ ખૂબ જ દયાળુ છે.
- અમે અમારી શાળામાં ક્વિઝ સ્પર્ધા, વક્તવ્ય, ચર્ચા સ્પર્ધામાં ભાગ લઈએ છીએ.
- મારી શાળા અમને સારા આચરણ, નૈતિકતા અને સ્વચ્છતા શીખવે છે.
- મારી શાળા આમારા શહેરની શ્રેષ્ઠ શાળા છે.

**૨) મારી વ્હાલી મમ્મી – નિબંધ**

- દરેક બાળકના જીવનમાં જો કોઇ વ્યકિતનું સૌથી વધારે યોગદાન હોય તો તે મા છે.
- આ જગતના સર્વ જીવોમાં એક સમાન કોઇ ભાવના હોય તો એ છે માતૃપ્રેમ.
- દરેક પ્રાણીઓ પણ તેના બચ્ચાને અનહદ પ્રેમ કરે છે.
- જયારે બાળક બિમાર કે માંદુ હોય ત્યારે મા તેના માટે ભગવાનને કેટકેટલીય માનતા માને છે અને તેનુ બાળક જલ્દી સાજુ થાય તે માટે પ્રાથના કરે છે.
- માતાના પ્રેમ અને વાત્સલ્ય સાથે આ દુનિયામાં કોઈ પણ વસ્તુની તુલના કરી શકાતી નથી.
- માતા માટે બાળક જ સર્વસ્વ છે. દરેક બાળકની પ્રથમ આદર્શ તેની મા જ હોય છે.
- એક મા જ આપણને સારા અને ખરાબ વચ્ચે તફાવત કરવાનું શીખવે છે.
- મા બાળક માટે કેટલાય અરમાનો લઇને બેઠી હોય છે. જયારે આ બાળક કંઇક ખોટુ કરે તો સૌથી વધુ દુઃખ માતાને જ થાય છે.
- આ કોઇ સાચો પ્રેમ હોય તો તે માતૃપ્રેમ છે. કેમકે તેની સાથે કોઇની સરખામણી ન કરી શકાય. એટલે જ કવિ બોટાદકરે કહયુ છે જનની ની જોડ સખી નહી જડે રે લોલ.

**પ્રશ્ન- II] (બ)      નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.**

1) એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ – ' વધારે વજન ઊંચકવું નહિ પડે,' એવો દુકાનદારનો જવાબ- ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માગણી – 'પૈસા વધારે ગણવા નહિ પડે' ગ્રાહકનો જવાબ - બોધ.

**<u>જેવા સાથે તેવા</u>**

એક ગામમાં એક કરિયાણાની દુકાન હતી એ દુકાનદાર બહુ જ ચાલાક હતો. તે બધા ગ્રાહકને ઓછી વસ્તુ તોલીને આપતો હતો. બધા ગ્રાહકો તેનાથી પરેશાન હતા પણ કોઇ કાઇ બોલતુ નહિ.

એક વખત એક ગ્રાહક તે વેપારીને ત્યાં ખાંડ ખરીદવા આવ્યો ત્યારે પરંતુ તે કરિયાણાના દુકાનદારે તેને ખાંડ ઓછી તોલી તો ગ્રાહકે તેને ફરિયાદ કરી કે ભાઇ આ ખાંડ તો ઓછી છે તો દુકાનદારે કહ્યું કે ભાઇ વજન વધું ઊંચકવું નહિ પડે, ગ્રાહકને ગુસ્સો આવ્યો પણ તે કાઇ બોલ્યો નહિ પરંતુ તેને બદલો લેવાનું નક્કી કર્યુ તેને દુકાનદારને ઓછા પૈસા આપ્યા. તો દુકાનદારે ફરિયાદ કરી તો ગ્રાહકે એવુ કહ્યું કે પૈસા વધારે ગણવા નહિ પડે.

દુકાનદાર સમજી ગયો અને બધાને ઓછી વસ્તુ આપવાનું છોડી દીધું.

**[SECTION – C GRAMMAR]**

**પ્રશ્ન- III] કોષ માંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો**

1. તમે સવારે ______આવશો ? [એટલે , કે ]
2. સુકેતુ સાઇકલ પરથી પડી જતા તેને ખુબ ઇજા થઇ _________તે રડ્યો નહીં [ અને ,તોપણ ]
3. મારી પાસે એક સાઇકલ ________એક બાઈક છે. [અથવા ,અને ]
4. તેની મમ્મી ધરમા નથી __________તે રડે છે. [અથવા ,તેથી ]
5. તમે વાતો કરો _______ધીમેથી બોલો. [છતાં ,**પણ** ]
6. હનુમાનને ________થવા માટે પોતાના જમણા હાથનો અંગુઠો પકડ્યો. (નાના,**મોટા** )
7. ________આંગળી પકડી હનુમાન નાના થતા . (વચલી ,**ટચલી** )
8. હનુમાન રાવણના સભાગૃહમાં રામના ________તરીકે ઉપસ્થિત હતા. (**રામદૂત** ,સેનાનાયક)
9. લંકા ની નગરી ______મઢેલી હતી.(આરસે ,**સોને** )
10. રાવણે ________મસ્તક હતા (વીસ,**દસ** )
11. બિલે_______ હતો .( મજબૂત , **નીડર** )
12. મંદિરમાં _____ આવ્યો. (નોળિયો , **સાપ** )
13. ________શિખામણ બિલેને ગળે ન ઉતરી. (પિતા , **વડીલ** )
14. બિલેનું સાચું નામ ________હતું.(વીરેન્દ્ર , **નરેન્દ્ર** )
15. સાપથી ગભરાયેલા બીલેના દોસ્તોએ ખુબ ______નરેન્દ્ર પાડી. (બૂમો ,તાળીઓ )

**પ્રશ્ન-IV] નીચેના વિધાનો કદરૂપું બતકડું પાઠનાં આધારે ગોઠવી ક્રમ લખો**

૧) બાકીના બચ્ચાં મશ્કરી કરવા લાગ્યા ._______

૨) અચાનક વાવાઝોડું આવ્યું . ._______

3) બતકી એ ચાર ઈંડા મુક્યા. ._______

૪) તે એક રાજહંસ હતો . .________

૫) બે ત્રણ દિવસ પછી વાવાઝોડું શાંત થયું . .________

**પ્રશ્ન-V] બંધ બેસતા જોડક જોડો**

| અ | બ |
|---|---|
| ૧) હનુમાન | (ક) અશોકવન |
| ૨) સીતા | (ખ) દસમસ્તક ,વીસહાથ |
| 3) રાવણ | (ગ) સોનેમઢેલી |
| ૪) લંકા | (ઘ) સંદેશાવાહક |
| | (ચ) અયોધ્યા |

જવાબ –[૧ –ઘ ,૨- ક ,3 - ખ ,૪ – ગ ]

**પ્રશ્ન-VI] નીચેના રૂઢિપ્રયોગો ના અર્થ આપો**

૧) ખેદાન મેદાન કરવું – બગાડી નાખવું

૨) લાલચોળ થઈ જવું - ખુબ જ ગુસ્સે થવું

3) નાસભાગ કરવી – ભય થી ભાગી જવું

૪) મરકમરક હસવું – મંદ હાસ્ય કરવું

૫) જીદ કરવી – હઠ કરવી

**પ્રશ્ન-VII] નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો**

1. બટાટા - બટાકા
2. દોસ્તાર - મિત્ર ,ભાઈબંધ
3. સુવાસ - સુગંધ
4. સહેજ - જરા
5. મમ્મી- માં
6. ચહેરો - મુખ
7. પપ્પા - પિતા
8. મરજી - ઈચ્છા
9. અરીસો - દર્પણ

**પ્રશ્ન- VIII] નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો**

૧) તીખા વ્રતમાં મધ ન ચટાય. **શીરીન**

૨) વ્રતમાં મધનો બાધ ન હોય .**શીરીન ની મમ્મી**

3)હવે વ્રત લાંબાવાની જરૂર નથી . **શીરીન ની દાદી**

૪)આજે છેલ્લું વ્રત . **શીરીન**

૫) બધા સ્વાદ એક સાથે જમવાનું વ્રત પણ થાય . **શીરીન ની મમ્મી**

**પ્રશ્ન-IX] જોડીમાં બોલાય તેવી રમતો ના નામ લખો**

૧) ખો- ખો

૨) ગિલ્લી - દડા

૩) ઉંદર - બિલ્લી

૪) બાસ્કેટ - બોલ

૫) અડકો - દડકો

૬) ધમાલ – ધોકો

**[SECTION- D LITERATURE ]**

**પ્રશ્ન-X] નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો**

**૧) બિલે મોટો થઈને શું બનવા ઈચ્છતો હતો ?**

જ) બિલે મોટો થઈને ઘોડાનો રખેવાળ બનવા ઈચ્છતો હતો .

**૨) બિલે એ મિત્રોને કઈ નવી રમત શીખવાડી ?**

જ) બિલે એ મિત્રોને આખો બંધ કરીને બેસી જવાની - ધ્યાનની નવી રમત શીખવાડી .

**3) બિલેનું સાચું નામ શું હતું ?**

જ) બિલે નું સાચું નામ નરેન્દ્ર હતું .

**૪) ભૂતનું સાચું નામ શું હતું ?**

જ) ભૂત નું સાચું નામ બ્રહ્મરાક્ષસ હતું .

**૫) બિલેને કઈ-કઈ રમત બહુ ગમતી હતી ?**

જ) બિલે ને ચોર –સિપાહીની રમત બહુ ગમતી હતી .તેને ક્રિકેટની રમત પણ બહુ ગમતી .

**6) શીરીન ના ઘરમાં કોણ-કોણ વ્રત કરતા હતા ?**

જ) શીરીન ના ઘરમાં તેના દાદા,દાદી ,મમ્મી – પપ્પા અને બીજા વડીલ વ્રત કરતા હતા .

**7) શીરીન નું પહેલું વ્રત ક્યુ હતું ?**

જ) શીરીન નું પહેલું વ્રત ગળ્યુંવ્રત હતું .

**8) શીરીને તીખુંવ્રત ક્યાં દિવસે લીધું ?**

જ) શીરીને તીખુંવ્રત ત્રીજા દિવસે લીધું .

**9) શીરીન ના મમ્મીએ બીજે દિવસે કઢી કેમ બનાવી ?**

જ) શીરીન ના મમ્મી એ બીજે દિવસે કઢી બનાવી , કારણ કે શીરીને ખાટુંવ્રત હતું .

**10) ચદુંઅને ટીકુ ક્યાં રહેતા હતા ?**

જ) ચદું અને ટીકુ જંગલમાં રહેતા હતા .

**11) ચદું અને ટીકુ કઈ રમત રમ્યા ?**

જ) ચદું અને ટીકુ થપ્પો રમત રમ્યા .

**12) ઝાડ પાછળ સંતાયેલા ચદું નું શું દેખાતું હતું ?**

જ) ઝાડ પાછળ સંતાયેલા ચદુંની સુંઢ અને પૂંછડી દેખતા હતા .

**13) બીજી વાર ટીકુ ક્યાં સંતાઈ ગઈ ?**

જ) બીજી વાર ટીકુ ચદુંના કાન પાછળ સંતાઈ ગઈ .

**14)હનુમાન ના માતા પિતાનું નામ લખો .**

જ)હનુમાન ના માતાનું નામ અંજની અને પિતાનું નામ કેસરી હતું .

**15)માતા એ હનુમાન ને જંગલ માંથી શું લઈ આવવા કહ્યું ?**

જ)માતા એ હનુમાન ને જંગલ માંથી થોડા પાકાં ફળ લઈ આવવા કહ્યું .

**16)હનુમાન વાનર નો શો અર્થ સમજાવે છે ?**

જ)હનુમાન વા એટલે થોડું અને નર એટલે મનુષ્ય એવો અર્થ સમજાવે છે .

**17) રામને સંદેશો કોણ આપે છે ?**
જ) રામને સંદેશો હનુમાનજી આપે છે.
**18. બતકીએ સુરક્ષિત જગ્યાએ કેટલા ઈંડા મુક્યા ?**
જ) બતકીએ સુરક્ષિત જગ્યાએ ચાર ઈંડા મુક્યા.
**19. બતકી બધા બચ્ચાંને શું શીખવવા લઈ ગઈ ?**
જ)બતકી બધા બચ્ચાંને તરતા શીખવવા લઈ ગઈ.
**20. કદરૂપું બતક ખરેખર શું હતો ?**
જ)કદરૂપું બતક ખરેખર રાજહંસ હતો .
**21. પાંચમુ ઈંડુ કોનું હતું ?**
જ)પાંચમુ ઈંડુ રાજહંસ નું હતું .
**પ્રશ્ન-XI] નીચેના પશ્નોના જવાબ બે ત્રણ વાક્યમાં લખો**
**૧)કદરૂપું બતકડું ને બીજા બચ્ચાંએ કે રીતે હેરાન કર્યું ?**
જ)કદરૂપું બતકડું ની બીજા બચ્ચાંએ મશ્કરી કરી .કોઈએ તેને દક્કો માર્યો તો કોઈએ તેના ઉપર ગંદુ પાણી ફેંક્યું .
**૨) બધા બચ્ચાં બતકને કદરૂપું બતક કેમ કહેતા હતા ?**
જ) બધા બચ્ચાં બતકને કદરૂપું બતક કહેતા હતા, કારણ કે તે બધાથી અલગ હતું .તે થોડું મોટું અને રાખોડી રંગનુ હતું
**3) હનુમાનજી મોટા થઈને શું ક્યુ ? હનુમાને નાના થઈ ને શું કર્યું ?**
જ) હનુમાને મોટા થઈને પોતાના હાથ લંબાવીને દૂરના ઝાડ પરથી પાકાં ફળ તોડી લીધા . હનુમાને નાના થઈને છાબડી માં માતાજી એ બનાવેલી રોટલી ખાધી .
**4) ઘરમાં હનુમાન શું કરતા ?**
જ) ઘરમાં હનુમાન બધા કામ ઝડપ થી પતાવી દેતા .બાકીની બધો સમય માતા સાથે વાતો કરતા અને રમતા .
**5) હનુમાને અશોકવાટિકાનું શું કર્યું ?**
જ) હનુમાને અશોકવાટિકા ખેદાનમેદાન કરી નાખી.બધા ઝાડ પરથી બધા ફળ ખાઈ ગયા અને કેટલાક ઝાડ મૂળમાં ઉખેડી નાખ્યા.
**6) ઝાડ -ઝાડ રમ્યા હોત તો કોણ જીતી જાત ?**
જ) ઝાડ -ઝાડ રમ્યા હોત તો ચદું જીતી જાત કારણ કે ચદું મોટું ઝાડ પણ પાડી શકે .
**7) દર -દર રમ્યા હોત તો કોણ જીતી જાત ?**
જ) દર -દર રમ્યા હોત તો ટીકુ જીતી જાત.કારણકે ટીકુ નાનામાં નાના દરમાં ધૂસી શકે
**8) શીરીને આદુની કતરણ ચાવી અને મરચાનું બટકું ભર્યું ત્યારે શું થયું ?**
જ) શીરીને આદુની કતરણ ચાવી અને મરચાનું બટકું ભર્યું ત્યારે તેના નાક અને આંખમાંથી પાણી નીકળ્યા , ગાલ લાલ થયા .તેથી કાંન માંથી ધુમાડા નીકળ્યા .અને માથાના વાળ ઉંચા થઈ ગયા .
**9) બધા સ્વાદ એક સાથે જમવાનું વ્રત કેવી રીતે થાય ?**
જ) જયારે પણ જમીએ ત્યારે ગળ્યું,ખાટું,ખરું,તીખું,તૂરું અને કડવું,એમ બધું જ જમવાનું . આ રીતે બધા સ્વાદએક સાથે જમવાનું વ્રત થાય
**10) બિલેને પશુ પખી ગમતા કેવી રીતે કહી શકાય ?**
જ) **બિલેને** પશુપખી ગમતા એમ કહી શકાય ,કારણકે એવળીમાં બેઠો – બેઠો મોર,કબૂતર ,કાકા કોઆને ચકલી સાથે વાતો કરતો . વાંદરા ,બકરા ,અને ઘોડા સાથે વાતો કરતો .
**11) બિલે વડવાઈ ના હીંચકા કેવી રીતે ખાતો ?**
જ) બિલે વડલા પર ચડતો . એની ડાળી પર પગ ભરાવીને પછી શરીર નીચે લટકાવીને લંગુર અને વડવા ગોળની જેમ ઊંધો લટકી ને હીંચકા ખાતો.